રાજસ્થાનમાં સુરક્ષા વચ્ચે આજે મતદાન

જયપુર,તા. ૩૦

રાજસ્થાનમાં વિધાનસભા ચૂંટણી માટે આવતીકાલે રવિવારે મતદાન યોજાનાર છે. આની તમામ તૈયારીઓ પરિપૂર્ણ કરી લેવામાં આવી છે. શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ ચૂંટણીની ખાતરી કરવા ચૂંટણી પંચ દ્વારા તમામ પગલાં લેવામાં આવ્યા છે. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવી દેવામાં આવી છે. કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સાવચેતીના તમામ પગલાં લેવાયા છે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રાજયમાં મુખ્ય સ્પર્ધા દેખાઈ રહી છે. ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે ભાજપ અને કોંગ્રેસના સ્ટાર પ્રચારકોએ શ્રેણીબદ્ધ રેલીઓ યોજી હતી. ભાજપ તરફથી તેના વડાપ્રધાનપદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ચૂંટણી સભાઓ સંબોધી હતી. આ ઉપરાંત રાજસ્થાનમાં ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવાર વસુંધરા રાજે પણ શ્રેણીબદ્ધ બેઠકો યોજી હતી. આવતીકાલે સવારે ૮ વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધી ઈલેક્ટ્રોનીક વોટિંગ મશીન મારફતે મતદાન યોજાશે. બાકી રહેલી વિધાનસભાની ચૂરુ બેઠક માટે ૧૩મી ડિસેમ્બરના દિવસે મતદાન યોજાશે. રાજસ્થાન વિધાનસભાની ચૂંટણી માટે કુલ ૨૦૮૬ ઉમેદવારો ચૂંટણી મેદાનમાંછે જેપૈકી ૧૧૧ ઉમેદવારો સામે ફોજદારી આરોપો થયેલા છે. આમાં ૬૨ ઉમેદવાર એવા છે

જેમની સામે હત્યા, હત્યાના પ્રયાસ, મહિલાઓ સામે ગુનાઓ જેવા ગંભીર આક્ષેપો રહેલા છે. ચૂંટણી માટેની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. જાણકાર લોકોનું કહેવું છે કે રાજયમાં દૂરગામી વિસ્તારોમાં જનાર ૮૭૪૯ મતદારોને મતદાન કરાવવા માટે તમામ જરૂરી સાધન સામગ્રી માટે મોકલવામાં આવ્યા છે. મુખ્ય ચૂંટણી અધિકારીના જણાવ્યા મુજબ રાજસ્થાનમાં મતદાન માટે ૪૭૨૨૩ મતદાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. આ મતદાન કેન્દ્ર માધ્યમથી રાજયના ૪,૦૮,૨૯,૩૨૮ મતદારો પોતાના મતાધિકારોનો ઉપયોગ કરવા ઉત્સુક બનેલા છે. આ મતદારોમાં ૨,૧૪,૫૦,૨૦૫ પુરુષ મતદારો અને ૧,૯૨,૭૫,૯૧૯ મહિલા મતદારો છે. જ્યારે ૩૩ અન્ય મતદારો છે. રાજ્યોમાં કુલ ૧,૦૩,૧૭૧ સર્વિસ વોટરો છે. રાજયમાં ૯૯.૭૨ ટકા મતદારોને ઓળખપત્રો આપવામાં આવી ચૂકયા છે જેને કહ્યું હતું કે રાજયમાં પ્રથમ વખત મતદારોને મતદાન સાથે સંબંધિત કાગળોનું વિતરણ પણ કરવામાં આવી ચૂકયું છે. રાજસ્થાનમાં ઉમેદવારોમાં ભારે ઉત્સુકતા પ્રવર્તી રહી છે. રાજસ્થાનમાં ચૂંટણી ભાજપ અને કોંગ્રેસ બંને માટે પ્રતિષ્ઠા સમાન છે. કોંગ્રેસ સત્તા જાળવી રાખવા માટે ઉત્સુક છે. બીજી બાજુ ભાજપ સત્તા કબજે કરવા મેદાનમાં છે.

આરૂષિ ઉપર હવે પુસ્તક માટે તલવારને પાંચ કરોડની ઓફર

ગાઝિયાબાદ,તા. ૩૦

લંડન સ્થિત લેખક અને ફિલ્મ નિર્માતાએ શુક્રવારે રાજેશ અને નૂપુર તલવાર સાથે દસના જેલમાં મુલાકાત કરવાના પ્રયાસ કર્યા હતા અને કહ્યું હતું કે જો એક બુક પ્રકાશિત કરવા અને ત્યારબાદ આરુષી ઉપર એક ફિલ્મ બનાવવા તેમને સહકાર કરશે તો પાંચ કરોડ રૂપિયાની રોયલટી આપશે. જો કે આ પટકથાકાર અને ફિલ્મ નિર્માતાને ડેન્ટીસ્ટ દંપતીને મળવાની તક મળી ન હતી. કારણ કે જેલના નિયમો મુજબ ૧૫ દિવસમાં આ બંનેને માત્ર ત્રણ લોકો જ મળી શકે છે. નૂપુરના સગા સંબંધીઓ ગુરુવારના દિવસે તેમને મળવા માટે પહોંચ્યા હતા. બીજી બાજુ રાજેશ અને નૂપુર તલવારે જેલની અંદર પણ કેટલીક જવાબદારી સંભાળી લીધી છે.

૨૦૦ કેદીઓની દાંતની સારવાર રાજેશ અને નૂપુર જેલમાં કરી ચૂકયા છે. દસના જેલના અધિકારીએ આ અંગેની માહિતી આપી છે. આ ડેન્ટીસ્ટ ભારતીય મિત્રો સાથે દસના જેલમાં પહોંચ્યા હતા. ગુરુવારના દિવસે નૂપુરના ભાઈ સમીર, બહેન રીતુઅને સંબંધી શ્રીલેખા તેમને મળ્યા હતા જેથી ૧૪ દિવસ બાદ આ દંપતીને મળવા પહોંચવા ફિલ્મ નિર્માતાઓને કહેવામાં આવ્યું હતું. તલવાર દંપતીના આરોગ્ય અંગે પૂછવામાં આવતા જેલના અધિકારીએ કહ્યું હતું કે રાજેશ અને નૂપુર નોર્મલ છે. જેલના નિયમોને તેઓ પાળી રહ્યા છે. જેલમાં કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આરુષી ઉપર ફિલ્મ નિર્માણને લઈને ઘણા નિર્માતા, નિર્દેશકો કમર કસી રહ્યા છે પરંતુ હજુ સુધી કોઈપણ નિર્ણય કરવામાં આવી રહ્યો નથી.

નિખાલી સિરીયલ હત્યા કેસમાં અપરાધી સાબિત થઈ ચૂકેલા મોનિન્દરસિંહ પાનધેર સહિત આશરે દંપતીની સેવા જેલમાં પણ લેવામાં આવી રહી છે. ફિલ્મ નિર્માતા કલીપ રૂનયાર્ડ શુક્રવારે સવારે તેમના

દેશમાં નીતા અંબાણી સફળ બિઝનેસ વુમન

કોલકાતા,તા.૩૦

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી ભારતના સૌથી પ્રેરણાસમાન મહિલા રાજકીય નેતા તરીકે ઊભરી આવ્યા છે. તેમની કેરિયર અને પરિવારની લાઈફ વચ્ચે યોગ્ય સંતુલન જાળવવામાં પણ સોનિયા ગાંધી સફળ રહ્યા છે. સોનિયા ગાંધી ભારતના સૌથી પ્રેરણાદાયી મહિલા રાજકારણી હોવાની બાબતને અન્ય લોકો પણ સમર્થન આપે છે. સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે ૩૬.૨ ટકા લોકોએ સોનિયા ગાંધીને મત આપ્યો છે જ્યારે ભાજપના નેતા સુષ્મા સ્વરાજ સૌથી પ્રેરણાદાયી મહિલા રાજકારણીની યાદીમાં ૩૩.૬ ટકા મત સાથે બીજા સ્થાને છે. લગ્ન સાથે સંબંધિત પોર્ટન શાદી ડોટ કોમ દ્વારા કરવામાં આવેલા સર્વેમાં આ મુજબની બાબત સપાટી ઉપર આવી છે. કોર્પોરેટ સેક્ટરમાં રિલાયન્સના નીતા અંબાણી ૩૫.૬ ટકા મત સાથે સૌથી સફળ બિઝનેસ વુમન તરીકે રહ્યા છે. આ યાદીમાં બાયોકોનના કિરણ મજૂમદાર બીજા સ્થાને, આઈસીઆઈસીઆઈ બેંકના ચંદા કોચર ત્રીજા ક્રમે, એક્સિસ બેંકના શીખા શર્મા ચોથા ક્રમાંક ઉપર છે. ૨મત ગમતના ક્ષેત્રમાં ૩૩.૫ ટકા સાથે મેરીકોમ પ્રથમ ક્રમાંકે, ત્યારબાદ સાયના નહેવાલ, સાનિયા મિર્ઝા અને પીવી સિંદુ ક્રમશ બીજા, ત્રીજા અને ચોથા સ્થાને સફળ રમત ગમત મહિલા છે. બોલિવૂડમાંથી શાહરૂખ ખાનના પત્નિ આ યાદીમાં પ્રથમ અને ઐશ્વર્યા બીજા ક્રમે છે.

વિદેશી ખેલાડીઓને પણ રૂપિયામાં જ ચુકવણી

આઈપીએલ-૭માં પગારની મર્યાદા ૬૦ કરોડ નક્કી થઈ

આઈપીએલ-૭નું આયોજન એપ્રિલ-મે મહિનામાં કરાશે ચેમ્પિયન્સ લીગની કમાણી જુદી રીતે ગણવામાં આવશે

મુંબઈ,તા. ૩૦

ઈન્ડિયન પ્રિમિયર લીગમાં પગાર મર્યાદા ૬૦ કરોડ રૂપિયા રાખવામાં આવી છે. આંકડો આખરે જારી કરી દેવામાં આવ્યો છે. પગારની ચૂકવણી ભારતીય રૂપિયામાં કરવામાં આવશે. અમેરિકી ડોલરમાં આની ચુકવણી કરવામાં આવશે નહીં. આઈપીએલ-૭ની હરાજી માટે ૬૦ કરોડ રૂપિયાની પગાર મર્યાદાની દરખાસ્ત રાખવામાં આવી હતી જેને મંજુરી મળી ગઈ છે. વિદેશી ખેલાડીઓને પણ ભારતીય રૂપિયામાં જ તેમની ફીની ચૂકવણી કરવામાં આવશે. આઈપીએલ-૭ દેશી અંદાજમાં યોજાશે. ઈન્ડિયન પ્રિમિયર લીગની ગવર્નિંગ કાઉન્સીલે આખરે પગાર મર્યાદાની દરખાસ્તને મંજુરી આપી દીધી છે. ગવર્નિંગ કાઉન્સીલે આઈપીએલ-૭ની હરાજી માટે ૬૦ કરોડ રૂપિયાની મર્યાદા નક્કી કરી હતી. આઈપીએલ-૬ માટે અપર મર્યાદા ૧૨.૫ મિલિયન ડોલરની હતી. ફ્રેન્ચાઈસિસને સમગ્ર કકમ ખર્ચ કરવી પડશે નહીં પરંતુ કેટલીક શરતો પાળવી પડશે. આ દરખાસ્ત સિંગાપોરમાં ફ્રેન્ચાઈસીઝ વર્કશોપ સમક્ષ રજુ કરવામાં આવી હતી. કેટલીક ટીમોએ ઉંચા આંકડાને લઈને નારાજગી વ્યક્ત કરી હતી. આઈપીએલ ખેલાડીઓની ફી ચેમ્પિયન્સ લીગની કમાણી કરતા જુદી રહેશે. જો એક ટીમ ચેમ્પિયન્સ લીગ-૨૦ માટે ક્વોલિફાઈડ થસે તો ખેલાડીઓને વધારાના નાણાં મળી શકશે. તેમના નાણાંની ગણતરી જુદી રીતે કરવામાં આવશે. આઈપીએલ-૭ એપ્રિલ-મેમાં યોજાશે. ભારતમાં આઈપીએલની લોકપ્રિયતા પણ અતિઝડપથી વધી છે. આવી સ્થિતિમાં આવે વધુ લોકપ્રિય બનાવવાની તૈયારી કરવામાં આવી છે.

પોલીસી રેટમાં વધારો ન થતા બેંકોને પ્રશ્નો કરાયા

મુંબઈ,તા. ૩૦

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ વ્યાજદરમાં વધારો નહીં કરવા બદલ બેંકો સામે પ્રશ્નો ઉઠાવ્યા છે. રેટમાં વધારો કેમ કરવામાં આવ્યો નથી તેવો સીધો પ્રશ્ન આરબીઆઈએ બેંકોને કર્યો છે. રિઝર્વ બેંકે સપ્ટેમ્બર ૨૦૧૩ બાદથી બે વખત પોલીસી રેટમાં વધારો કર્યો છે. કોમર્શિયલ રિયલ એસ્ટેટને બેંક લોનમાં થઈ રહેલા વધારાને લઈને પણ ચિંતા વ્યક્ત કરી છે. કોમર્શિયલ રિયલ એસ્ટેટ સેક્ટરને સંવેદનશીલ સેક્ટર તરીકે ગણવામાં આવે છે. લોન અને થાપણોની કિંમતો અંગે સ્પષ્ટતા કરતા બેંકોએ કહ્યું છે કે ફંડ સપ્લાયમાં સુધારો થયો છે. આરબીઆઈના રેટમાં વધારો કરવાના નિર્ણયની ફંડના તેમના ખર્ચ ઉપર કોઈ સીધી અસર થઈ નથી. આંતર બેંક નાણાં બજારમાં ઓછા રેટમાં લિક્વિડીટીમાં સુધારો થઈ રહ્યો છે. બેંકોએ કેટલાક પગલાં પણ તાજેતરના સમયમાં લીધા છે. અત્રે ઉલ્લેખનીય છે કે રિઝર્વ બેંકે તેના રોપોરેટમાં હાલમાં જ વધારો કર્યો હતો. આ રેપોરેટના આધાર ઉપર જ બેંકોને ફંડની ફાળવણી કરવામાં આવે છે. રિઝર્વ બેંકે ૨૦મી સપ્ટેમ્બરના દિવસે રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કર્યો હતો. ત્યારબાદ ૨૯મી ઓક્ટોબરના દિવસે પોલીસી રેટમાં વધારો કરવામાં આવ્યો હતો. એ વખતે પણ ૨૫ બેઝિક પોઈન્ટનો જ વધારો કરવામાં આવ્યો હતો. રિઝર્વ બેંક દ્વારા બેંકોને કરવામાં આવેલા પ્રશ્નોને લઈને આર્થિક નિષ્ણાંતોમાં પણ ચર્ચા શરૂ થઈ છે. આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજને નવેમ્બરમાં કહ્યું હતું કે ફુગાવાને લઈને મુખ્ય રીતે ધ્યાન કેન્દ્રીત કરવામાં આવી રહ્યું છે. આરબીઆઈએ હાલમાં જ ચોક્કસ પ્રકારના આંકડા જારી કર્યા હતા જેમાં જણાવવામાં આવ્યું હતું કે કોમર્શિયલ રિયલ એસ્ટેટ સેગમેન્ટ માટે લોનમાં વાર્ષિક આધાર ઉપર ૨૧ ટકાનો વધારો થયો છે અને લોનનો આંકડો વધીને ૧૮મી ઓક્ટોબર સુધીના આંકડા મુજબ ૧૪૩૭૦૦ કરોડ સુધી પહોંચ્યો છે. અલબત્ત આ આંકડો કુલ બેંક ક્રેડિટના ત્રણ ટકાથી ઓછો છે. આરબીઆઈ જુદા જુદા મુદ્દાઓ પર બેંકો સામે પ્રશ્નો ઉઠાવી રહી છે.

રેલવે કર્મચારીઓ હડતાળ પર જવા ટૂંકમાં નિર્ણય લશે

નવી દિલ્હી,તા. ૩૦

રેલવે કર્મચારીઓ તેમની લાંબાગાળાથી પેન્ડીંગ પડેલી જુદી જુદી માંગણીને લઈને સરકાર ઉપર દબાણ લાવવાના હેતુસર હડતાળ પર જવા વિચારણા કરી રહ્યા છે. આગામી મહિનામાં ગુપ્ત મતદાન મારફતે રેલવે કર્મચારીઓ હડતાળ ઉપર જવાના સંદર્ભમાં નિર્ણય લેશે. મળેલી માહિતી મુજબ રેલવે કર્મચારીઓ તેમની જુદી જુદી માંગણીઓને લઈને ખૂબ જ નાખુશ દેખાઈ રહ્યા છે. ઓલ ઈન્ડિયા રેલવેમેન્સ ફેડરેશન (એઆઈઆરએફ) દ્વારા ગુપ્ત મતદાન મારફતે હડતાળ પર જવાના સંદર્ભમાં વાતચીત કરી રહ્યા છે. સૌથી મોટા કર્મચારી યુનિયન તરીકે એઆઈઆરએફને ગણવામાં આવે છે. રેલવેના ખાનગીકરણની દિશામાં આગળ વધવાની સરકારની હિલચાલ સામે પણ વાંધો ઉઠાવવામાં આવ્યો છે. ૨૦મી અને ૨૧મી ડિસેમ્બરના દિવસે ૧૩.૫ લાખ રેલવે કર્મચારી સામાન્ય હડતાળ ઉપર જવાના સંદર્ભમાં નિર્ણય લેવા ગુપ્ત મતદાન કરનાર છે. તેમની પ્રમાણિક માંગ માટે દબાણ લાવવામાં આવશે. મળેલી માહિતી મુજબ એક દિવસની હડતાળથી પણ રેલવેને આશરે ૪૦૦ કરોડનું નુકસાન થઈ શકે છે. આ ઉપરાંત ચીજવસ્તુઓની અવર જવર પણ રોકાશે જેથી સામાન્ય લોકોની હાડમારી વધશે. કર્મચારીઓ નવી પેન્શન સ્કીમને લઈને પણ ખૂબ જ નારાજ દેખાઈ રહ્યા છે. તેમની માંગણી છે કે નવી પેન્શન સ્કીમને રદ કરવામાં આવે તે બાબતોનો સમાવેશ થાય છે. ગુડ્સ અને પેસેન્જર ટ્રેનોના ડ્રાઈવરોને એરિયર્સ અને ભથ્થાઓની ચૂકવણી, છઠ્ઠા પગાર પંચના વેતનની ખામીઓને દૂર કરવાની શરતોનો પણ સમાવેશ થાય છે. રેલવે કર્મચારીઓ સેફ્ટી કેટેગરીમાં ૧.૫ લાખ જગ્યાઓ અને લોકોમોટીવ ડ્રાઈવરોની ૨૦ હજાર જગ્યાઓ સહિત તમામ ખાલી જગ્યાઓને ભરવાની પણ માંગણી કરી છે. ઉપરાંત ટ્રેનોની વધતી જતી સંખ્યાઓના પરિણામ સ્વરૂપે વર્કલોડમાં વધારાને પહોંચી વળવા વધારાની જગ્યાઓને મંજૂરી આપવાની પણ માંગ કરી છે. સરકાર સાથે વાતચીત પણ થઈ છે. કર્મચારીઓના જનમતને મેળવી લીધા બાદ યુનિયનો રેલવે મેનેજમેન્ટને નોટિસ આપશે. દેશમાં અગાઉ ૧૯૭૪માં મોટી રેલવે હડતાળ થઈ હતી. એ વખતે જ્યોર્જ ફર્નાન્ડિસનું નેતૃત્વ હતું.

ફેબ્રુઆરી ૨૦૧૪માં રેલ હડતાળ પડી શકે

નવી દિલ્હી,તા.૩૦

ઓલઈન્ડિયા રેલવેમેન ફેડરેશન (એઆઈઆરએફ) ને સૌથી મોટા કર્મચારી યુનિયન તરીકે ગણવામાં આવે છે. એઆઈઆરએફમાં ૧૦.૨૬ લાખ કર્મચારીઓ જોડાયેલા છે. જ્યારે કુલ ૧૩.૫ લાખ રેલવે કર્મચારીઓ છે. એઆઈઆરએફની હડતાળની હાકલમાં સામેલ થવા અન્ય યુનિયનો સામે પણ વાતચીત ચાલી રહી છે. યુનિયનના લીડરોએ સંકેત આપ્યો છે કે આ હડતાળ ફેબ્રુઆરી ૨૦૧૪માં પડી શકે છે. યુનિયનના લીડરોએ ચેતવણી આપી છે કે સરકારને ગંભીર થવાની જરૂર છે. રેલવે કર્મચારીઓ માત્ર ધમકી જ આપી રહ્યા નથી હડતાળ પણ પાડી શકે છે.

સમાચાર ઝલક

- ♥ ઇન્સાઇડર ટ્રેડિંગના નવા નિયમો તુરંત અમલમાં આવશે સેબીનો નિર્ણય.
- ♥ યુરિયાની આયાતમાં વધારો, તેના ઉપયોગમાં વધારો થયો.
- ♥ વાપીમાં નવા ઉદ્યોગો પર પ્રતિબંધ, પ્રદૂષણનાં આંકમાં ચિંતાજનક વધારો.
- ♥ મોંઘવારી અંગે હાથ ઊંચા કરતા કેન્દ્રીય નાણામંત્રી.
- ♥ એક્સટર્ન વિદ્યાર્થીઓની સંખ્યામાં દોઢગણો વધારો.
- ♥ આગામી વર્ષે આઇ.પી.એલ. ભારત બહાર ખસેડાય તેવી શકયતા.
- ♥ સિરામીક ઉદ્યોગ સજ્જડ બંધ, મોરબી બંધના એલાનની તૈયારી.
- ♥ ભાવનગરના પ્રતિષ્ઠિત શીપબ્રેકર ૩૯ કરોડનું કુલેકુ ફેરવી ભૂગર્ભમાં.
- ♥ લોટા ગ્રુપે લંડનમાં ૩૦૦૦ કરોડ રૂપિયામાં મેકડોનાલ્ડ હાઉસ ખરીદ્યું.
- ♥ સ્ટંટ દૃશ્ય માટે આમીરખાને દવા લેવી પડી.
- ♥ આજે વિશ્વ એઇડ્સ દિવસ મનાવાશે, ગુજરાતમાં ૩૦,૫૨૮ દર્દીઓ છે.
- ♥ ક્રિકેટર પીયુષ ચાવલા લગ્ન કરશે.
- ♥ મારા જીવનનો સૌથી મોટો કરિશ્મા 'મા' બનવાનો રહ્યો : કરિશ્મા કપૂર.
- ♥ 'ગિફ્ટ સીટી'માં સુપ્રીમે કેગના વાંધા ફગાવ્યા.
- ♥ ટીવી કાર્યક્રમ ઉપર નિયંત્રણોની માંગણી મુદ્દે સુપ્રીમની નોટીસ.
- ♥ સૂરતમાં ૪૮ સ્થળોએ આવકવેરાના બીજા દિવસે દરોડા ચાલુ.
- ♥ ૨૮ ચૂંટણી લડતા ઉમેદવારો પાસે પાન કાર્ડ નથી આવકવેરાનું રીટર્ન ભરતા નથી.
- ♥ કચ્છમાં પાકિસ્તાની પાંચ બોટો ઝડપાઇ, માછીમારો પાકિસ્તાન ભાગી ગયા.
- ♥ દિલ્હી મેટ્રોમાં મહિલાઓ ખિસ્સા કાતરવામાં નિષ્ણાંત.
- ♥ કોઇને બદનામ કરવા કે ઘર ભાંગવા હવે લેવાય છે ઓનલાઇન સોપારી.
- ♥ તહેલકા મેગેઝીન બંધ કરવાની ફરજ પડે તેવી શકયતા.
- ♥ દર ત્રણમાંથી એક સ્નાતક બેરોજગાર : શ્રમ મંત્રાલય.
- ♥ ગુજરાતમાં કપાસની ૬.૫૦ લાખ ગાંસડીઓનું ઉત્પાદન, સમગ્ર દેશમાં કપાસ ઉત્પાદનમાં મોખરે.
- ♥ મરચાના ઓછા ઉત્પાદનથી ભાવમાં વધારો.

ગુજરાતમાં ૧૩ પૈસાના વેટ સાથે ભાવ વધારો ૬૩ પૈસાનો થયો

ડિઝલના ભાવમાં લીટરદીઠ ૫૦ પૈસાનો વધારો ઝિંકાયો

નવી દિલ્હી,તા. ૩૦

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકો પર આજે વધુ બોજ ઝિંકાયો હતો. ડિઝલની કિંમતમાં પ્રતિલિટર વેટ અને સેલ્સટેક્સ સિવાય ૫૦ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. ગુજરાતના જુદા જુદા શહેરોમાં ડિઝલની કિંમતમાં વધુ વધારો લાગુ થશે કારણકે ૧૩ પૈસાના વેટને ધ્યાનમાં લેવામાં આવે તો ગુજરાતમાં ડિઝલની કિમતમાં લીટરદીઠ ૬૩ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે. ભાવ વધારો તાત્કાલિક ધોરણે અમલી બનાવી દેવામાં આવ્યો છે. આજના ભાવ વધારાની સાથે જ અમદાવાદમાં ડિઝલની કિંમત વધીને ૫૯.૫૯ થઈ છે. જ્યારે વડોદરામાં ૫૯.૨૪નો ભાવ થયો છે. અમદાવાદમાં જુનો ભાવ ૫૮.૯૬ રૂપિયાનો હતો. ગુજરાતમાં આજથી સામાન્ય લોકોને ડિઝલ માટે વધુ પૈસાની ચૂકવણી કરવી પડશે. ડિઝલની કિમતમાં ૫૦ પૈસાનો વધારો કરવાનો સિલસિલો જારી રાખવામાં આવ્યો છે. ઓઈલ કંપનીઓ દ્વારા આજે જાહેર કરવામાં આવેલા ૫૦ પૈસાના ભાવ વધારામાં લોકલ સેલ્સટેક્સ અને વેટનો સમાવેશ કરાયો નથી. અત્રે ઉલ્લખનીય છે કે પેટ્રોલની કિંમતમાં ૩૧મી ઓક્ટોબરના દિવસે લીટરદીઠ ૧.૧૫નો ઘટાડો કરાયો હતો જ્યારે એ જ દિવસે ડિઝલની કિંમતમાં પ્રતિલિટર ૫૦ પૈસાનો વધારો કરાયો હતો.

ડિઝલની કિંમતમાં વધારો ઓઈલ કંપનીઓને દર મહિને નાનકડા ડોઝમાં કિંમતમાં વધારો કરવા મંજુરી અપાતા આ વધારો થઈ રહ્યો છે. ડિઝલના વેચાણ પર ઓઈલ કંપનીઓને થઈ રહેલા નુકસાનને સંપૂર્ણપણે દૂર કરવામાં ન આવે ત્યાં સુધી દર મહિને નાનકડા ડોઝમાં લીટરદીઠ ૫૦ પૈસાનો વધારો કરવા ઓઈલ કંપનીઓને મંજુરી આપવામાં આવી છે. આજે ૧૭મી જાન્યુઆરી બાદથી ડિઝલની કિંમતમાં ૧૧ વખત વધારો કરવામાં આવી ચુકયો છે. ડિઝલની કિંમતમાં વધારો કરવામાં આવતા યુપીએ સરકારને ચૂંટણીના સમયમાં વધુ ફટકો પડી શકે છે. ડિઝલની કિંમતને છ મહિનાના ગાળામાં સંપૂર્ણપણે અંકુશમુક્ત કરવાની હિલચાલ પણ ચાલી રહી છે. પેટ્રોલની કિંમતમાં આજે કોઈ વધારો કરવામાં આવ્યો ન હતો અને ભાવ યથાવત રાખવામાં આવતા લોકોને આંશિક રાહત થઈ.ડિઝલના ભાવમાં લીટરદીઠ ૫૦ પૈસાનો વધારો ઝિંકાયો

હરિદ્વાર એક્સપ્રેસ ટ્રેન લખનો પાસે ખડી પડી

લખનૌ,તા. ૩૦

અલ્હાબાદ જતી હરિદ્વારા એક્સપ્રેસ આજે વહેલી સવારે શહેરના પરાવિસ્તારમાં ખડી પડતા કેટલાક યાત્રીઓને ઈજા થઈ હતી. ઈજાગ્રસ્ત યાત્રીઓને પ્રાથમિકરીતે સારવાર આપવામાં આવી હતી. આ ટ્રેનના છેલ્લા ત્રણ ડબા પાટા પરથી ખડી પડ્યા હતા. વહેલીપરોઢે ૩.૩૦ વાગ્યાની આસપાસ નિગોહા વિસ્તાર નજીક આ બનાવ બન્યો હતો. તેવખતે ટ્રેન હરિદ્વારથી અલ્હાબાદ તરફ જઈ રહી હતી. બનાવની જાણ થતા બચાવ અને રાહત ટુકડી ઘટનાસ્થળે પહોંચી હતી. કેટલાક યાત્રીઓને નાની મોટી ઈજાઓ થઈ હતી. જો કે ટ્રૂંકા ગાળાની અંદર જ ટ્રેન સેવા ફરી શરૂ કરી દેવામાં આવી હતી. તાજેતરના સમયમાં રેલવે અકસ્માતોમાં પણ વધારો થયો છે. જોકે આજે સવારે બનેલા બનાવમાં કોઈ મોટુ નુકસાન ન થતા રેલવેતંત્રની રાહત થઈ હતી. સમગ્ર મામલામાં રેલવે દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. સરકારી રેલવે પોલીસના સર્કલ ઓફિસર આરડી યાદવે માહિતી આપતા કહ્યુ હતુ કે ઈજાગ્રસ્તોના નામ ઓળખાઈ ચુકયા છે.

સીઆરપીએફના જવાનોને એલર્ટ કરાયા

જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદી હુમલા વધવાની દહેશત છે

શ્રીનગર,તા. ૩૦

જમ્મુ કાશ્મીરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને હાથ ધરનાર સીઆરપીએફે આજે એવી દહેશત વ્યક્ત કરી હતી કે આગામી મહિનાઓમાં સુરક્ષાદળો પર આતંકવાદી હુમલામાં વધારો થઈ શકે છે પરંતુ સીઆરપીએફ આતંકવાદી હુમલાને નિષ્ફળ બનાવવા સંપૂર્ણપણે સજ્જ છે. સીઆરપીએફના સ્પેશિયલ ડિરેક્ટર જનરલ (જમ્મુ કાશ્મીર ઝોન) ડીકે પાઠકે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે આ વર્ષે સુરક્ષાદળો પર થયેલા કેટલાક હુમલા ભીષણ રહ્યા છે. આગામી મહિનાઓમાં આવા હુમલા જારી રહેશે તેવી દહેશત રહેશે. કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા અમે સંપૂર્ણપણે એલર્ટ છીએ. ગયા વર્ષની સરખામણી કરતા પાઠકે કહ્યુ હતુકે આતંકવાદી સંબંધિત બનાવોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે પરંતુ મોટા હુમલાઓના કારણે સુરક્ષાદળોની ખુવારી વધી છે. ઘૂસણખોરી કરી ચુકેલા આતંકવાદીઓ સુરક્ષાદળોને ટાર્ગેટ બનાવી રહ્યા છે. આતંકવાદીઓ અહં કોઈ ચેરિટી કામ માટે આવી રહ્યા નથી. તેઓ ચોક્કસપણે હુમલા કરવાની યોજના ધરાવે છે. વ્યૂરચનામાં ખામી રહેવાની સ્થિતિમાં હુમલા થઈ શકે છે. પાઠકે એમ પણ કહ્યુ હતુ કે સંસદીય અને વિધાનસભાની ચૂંટણી દરમિયાન આતંકવાદી ગતિવિધિમાં વધારો થઈ શકે છે. ઘૂસણખોરી હજુ પણ યથાવતરીતે જારી રહી શકે છે. સાવચેતીના તમામ પગલા હાલના સમયમાં લેવામાં આવ્યા છે. અગાઉ કાર્યક્રમમાં ઉપસ્થિત સ્પેશિયલ ડીજી અને અન્ય અધિકારીઓએ સીઆરપીએફના ૩૪ અધિકારીઓનું સન્માન કર્યુ હતુ.